# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-10-2024** **Midday : 2.30 to 2.35pm**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## MANGROL GANG RAPE AROPI

સુરતના માંગરોળ સામૂહિક દુષ્કર્મનો ફરાર આરોપી ઝડપાયો છે.ફરાર આરોપી રામસજીવન ઉર્ફે રાજુ રામસબતની અમદાવાદમાંથી ધરપકડ કરાઇ છે ..આરોપી મુંબઈ-અજમેર ટ્રેનમાં બેસી રાજસ્થાન ભાગે એ પહેલાં અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશનથી પકડી પાડવામાં આવ્યો હતો..અમદાવાદ જિલ્લા એલસીબીએ આરોપીની ધરપકડ કરી છે . સુરત જિલ્લા પોલીસની ટીમ આરોપીનો કબ્જો લેવા અમદાવાદ રવાના થઈ છે...આ કેસમાં બે આરોપી પકડાયા હતા તેમાંથી એક આરોપીનું ગઇકાલે મોત થયું છે જ્યારે. ત્રીજો વોન્ટેડ આરોપી પકડાઇ જતાં હવે પોલીસે ગુનાનો ભેદ ઉકેલ્યો છે

## RUPAL NI PALLI

આજે નવરાત્રિનો નવમો અને અંતિમ દિવસ છે. નવમાં નોરતે માં દુર્ગાના સિદ્ધ દાત્રી દેવીની આરાધનાનો મહિમા છે. માં સિદ્ધ દાત્રી અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વ અને વિશિત્વ આઠ પ્રકારની સિદ્ધિઓના દાતા છે. તેમનું વાહન સિંહ છે.

આજે મહાનવમી પ્રસંગે મધ્ય રાત્રીએ ગાંધીનગરના રૂપાલ ખાતે વરદાયિની માતાની પલ્લી નિકળશે. માતાની આ પલ્લી પર ઘી ચઢાવવાની દાયકાઓની જૂની પરંપરા છે. જેમાં પાંચથી સાત લાખ દર્શનાર્થી ઉમટે તેવી શક્યતાને જોતા જિલ્લા વહીવટીતંત્રએ તૈયારીઓ પૂર્ણ કરી છે. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે ગાંધીનગરના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ બ્રિજેશ મોડિયા.

(BYTE - બ્રિજેશ મોડિયા, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ)

જ્યારે રાજ્યના અન્ય સ્થળોએ પણ અષ્ટમી અને નવમીની ઉજવણી થઇ રહી છે

આઠમા નોરતે ગાંધીનગરના કેસરિયા ગરબામાં ૫૧૦૦૦ દીવડાની મહાઆરતી યોજાઇ હતી.. હજારો દીવડાઓ થકી ‘આદિયોગી‘ની આકૃતિનું નિર્માણ કરાયું હતું..

બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ વચ્ચે તાપીમાં ધોધમાર વરસાદ વચ્ચે ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા હતા.નિઝર ના રૂમકીતળાવ ગામે દર વર્ષેની જેમ આ વર્ષે પણ અલગ અલગ નાટકનુ આયોજન કરાયું હતું. ઉચ્છલમાં આદિવાસી સમાજના લોકો વરસાદ વચ્ચે આદિવાસી પહેરવેશમાં માતાજીના ગરબે ધુમ્યા.

## Food and Drug Administration

રાજ્યભરમાં તહેવારોની મોસમ દરમિયાન ખોરાક અને ઔષધ તંત્ર દ્વારા સ્પેશ્યલ ડ્રાઈવ ચાલી રહી છે. જે અંતર્ગત છેલ્લા 6 દિવસ દરમિયાન રાજયમાં અલગ અલગ જગ્યાઓ પર કરેલી રેડમાં કુલ પોણા બે કરોડ રૂપિયાનો અખાદ્ય જથ્થો જપ્ત કરાયો છે. આ સાથે રાજકોટ માં AVN પ્રોડક્ટ લોધીકા માથી 15 હજાર 442 કિલો ઘી અને ભાવનગરના પાલીતાણા માંથી 4 હજાર 684 કિલો તેજાના અને મસાલા જપ્ત કર્યાં હતા.

## COAST GUARD BODY FOUND

અરબી સમુદ્રમાં ગરકાવ તટરક્ષકદળના ક્રુ કમાન્ડન્ટ રાકેશ કુમાર રાણાનો મૃતદેહ લાંબા શોધ અભિયાન બાદ મળી આવ્યો હતો..

ગત બીજી સપ્ટેમ્બરના રોજ એક બચાવ અભિયાન અંતર્ગત કોસ્ટ ગાર્ડનું હેલિકોપ્ટર દરિયામાં ખાબક્યું હતું. આ દુર્ઘટનાગ્રસ્ત હેલિકોપ્ટરમાં ચાર ક્રુ સભ્યો હતો જેમાંથી ઘાયલ એક જવાનને બચાવી લેવાયો હતો..જ્યારે ત્રણના મોત થયા હતા.. જેમાંથી બેના મૃતદેહ મળ્યા હતાં..જ્યારે ત્રીજા જવાનનો મૃતદેહ શોધવા માટે કોસ્ટે ગાર્ડે સઘન અભિયાન આદર્યું હતું..અભિયાન બાદ ગઇકાલે રાકેશકુમાર રાણાનો

મૃતદેહ મળી આવતાં હવે તેના સેવા પરંપરા અને સન્માન સાથે અંતિમ સંસ્કાર કરાશે.

## Vikas saptaah

રાજ્યભરમાં ૧૫મી ઓક્ટોબર સુધી ઉજવાઇ રહેલા વિકાસ સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જેમાં બનાસકાંઠાના થરાદમાં પ્રભારી મંત્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને અંદાજે 41 કરોડ રૂપિયાના 136 વિકાસકામો કામોનું ઇ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ ના માધ્યમથી સંભોધન કર્યું હતું. આ પ્રસંગે સહુ એ ભારત વિકાસ પ્રતિજ્ઞા પણ લીધી હતી.મંત્રીશ્રી ના હસ્તે એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું

ભાવનગર જિલ્લાની વિવિધ શાળા કોલેજોમાં નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા, નાટ્ય સ્પર્ધા અને ક્વિઝ સહિતના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

"વિકાસ સપ્તાહ" ઉજવણીના ભાગરૂપે પાટણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તેમજ વનવિભાગના કર્મચારીઓ દ્વારા જિલ્લા સેવા સદન ખાતે સામૂહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવાઈ હતી.

## ARVALLI COFFEE WITH COLLECTOR

આંતરરાષ્ટ્રીય બાળકી દીવસ નિમિતે બેટી બચાવો બેટી પઢાઓ અંતર્ગત અરવલ્લી કલેકટરે બાળકીઓ સાથે સંવાદ કર્યો હતો. કૉફી વિથ કલેકટરના કાર્યક્રમમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ પણ ભાગ લીધો. આ કાર્યક્રમ દરમિયાન જિલ્લા કલેકટર સાથે વિદ્યાર્થિનીઓએ ખુલ્લા મને વાત કરી હતી. પોતાના પ્રશ્નોનુ સમાધાન પણ કલેકટર પાસેથી મેળવ્યુ હતુ. આ સાથે જ ભવિષ્યમાં પોતાની કારકિર્દીને આગળ

વધારવા અંગે પણ માહિતી મેળવી હતી. જ્યારે જીલ્લા વિકાસ અધિકારીએ વિદ્યાર્થિનીઓને પોતાના વ્યાપાર ઊભા કરી સ્વરોજગાર મેળવવા પ્રેરિત કર્યા હતા.